# <u>ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ</u>

## <u>એન.એસ.એસ. સેલ દ્વારા કરવામાં આવેલ કામગીરી</u>

**૧. એન.આઈ.સી. - ૨૦૨૦ :**

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ હસ્તકના એન.એસ.એસ. સેલ, ગાંધીનગર તથા એન.એસ.એસ. સેલ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી, જુનાગઢનાં સંયુક્ત ઉપક્રમે તા. ૦૬/૦૧/૨૦૨૦ નાં રોજ રાષ્ટ્રીય કક્ષાના નેશનલ ઇન્ટીગ્રેશન કેમ્પનો ભારતી આશ્રમ, જુનાગઢ ખાતે જાજરમાન પ્રારંભ થયો હતો, જેમાં ઉદઘાટન સમારોહના અધ્યક્ષ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટીનાં કુલપતિશ્રી પ્રો. ડૉ. ચેતનભાઈ ત્રિવેદી હતા. જે સૌરાષ્ટ્રનાં ઇતિહાસમાં સૌપ્રથમ વખત જુનાગઢનાં આંગણે યોજવામાં આવેલ હતો, જેમાં દેશભરમાંથી અલગ-અલગ યુનિવર્સીટીનાં પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર્સ, સ્વયંસેવકો સહીત કુલ ૨૧૪ જેટલા ડેલીગેટ્સોએ ભાગ લીધો હતો.



## ૨. ઝોનલ કેમ્પ :

એન.એસ.એસ. સેલ, ઉચ્ચ શિક્ષણ વિભાગ-ગાંધીનગર દ્વારા આયોજિત ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી, જુનાગઢનાં યજમાન પદે એન.એસ.એસ. ઝોનલ કેમ્પ તા. ૧૭/૦૮/૨૦૧૮ થી તા ૧૯/૦૮/૨૦૧૮ દરમિયાન નોબલ ગૃપ ઓફ ઇન્સ્ટીટયુટ, ભેસાણ રોડ, જુનાગઢ ખાતે આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ગુજરાતભરમાંથી ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

## ૩. કોવિડ-૧૯ દરમિયાનની કામગીરી :

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી, જુનાગઢ સંલગ્ન એન.એસ.એસ. યુનિટ ધરાવતી કોલેજોમાંથી અંદાજિત ૧૮૫ જેટલા સ્વયંસેવકોએ કોરોનાની બંને લહેર દરમિયાન સતત બે માસનાં સમયગાળા દરમિયાન સમાજ માટે પોતાની નૈતિક ફરજ સમજી કામગીરી કરવામાં આવેલ હતી. જેમાં IGOT રજીસ્ટ્રેશન, આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ, માસ્ક વિતરણ, હોસ્પિટલ તથા શાક માર્કેટ ખાતે પોતાની સેવાઓ આપવી, પોલીસ સાથે સંકલનમાં રહી ટ્રાફિક વ્યવસ્થાપન, સસ્તા અનાજની દુકાનો તથા બેંક અને એટીએમમાં સેવા આપવી, જીવદયા વિગેરે પ્રકારની કામગીરી કરવામાં આવેલ હતી.





## ૪. એન.એસ.એસ. દ્વારા કરવામાં આવતી પ્રવૃતિઓ :

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી, જુનાગઢ સંલગ્ન એન.એસ.એસ. સેલ દ્વારા નીચે મુજબની પ્રવૃતિઓ કરવામાં આવે છે.

- વૃક્ષારોપણ
- સ્વચ્છતા અભિયાન
- મતદાન જાગૃતિ અભિયાન
- કોરોના સંક્રમણ અટકાવવા તથા રસીકરણ અંગેની પ્રવૃત્તિ
- ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી
- ફિટ ઇન્ડિયા
- વક્તૃત્વ સ્પર્ધા, ચર્ચા સભા, નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા
- ગામ-વિસ્તારની પસંદગી

આમ અલગ અલગ પ્રકારની પ્રવૃતિઓ એન.એસ.એસ. દ્વારા હાથ ધરવામાં આવે છે.

૫. **રાજ્ય કક્ષાનો એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર એવોર્ડ :**

રાજ્ય કક્ષાનો બેસ્ટ પ્રોગ્રામ ઓફિસર તરીકેનો એવોર્ડ શ્રીમતી સી.પી. ચોક્સી આર્ટસ & શ્રી પી.એલ. ચોક્સી કોમર્સ કોલેજ, વેરાવળ એન.એસ.એસ. યુનીટના પ્રોગ્રામ ઓફિસર ડૉ. એ.એમ. ચોચાને આપવામાં આવેલ હતો. જેના દ્વારા કરવામાં આવેલ કામગીરીને બિરદાવવામાં આવેલ હતી.

૬. **NSS Volunteers in National Republic Day and State Republic Day parade :**

| | | | | |
|---|---|---|---|---|
| NATIONAL REPUBLIC DAY PARADE | | | | |
| 01 | Rathod Dharmendra G. | R.D. Camp | 26/01/2020 | Delhi |
| STATE REPUBLIC DAY PARADE | | | | |
| 02 | Naghera Nilam G | R.D. Camp | 16-26/1/22 | Gir Somnath |